દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
સોમવાર ૧૬ માર્ચ, ૨૦૨૬

# મીડલ ઈસ્ટ યુદ્ધના કારણે ભારત પર મોંઘવારીનો માર અટકાવવો પડશે

ઈરાન પર અમેરિકા અને ઇઝરાયલના હુમલા પછી એક પખવાડિયાથી પણ ઓછા સમયમાં ઘણી આવશ્યક ચીજ વસ્તુઓના ભાવ વધી ગયા છે અથવા તો પુરવઠો ખોરવાઈ ગયો છે. હોર્મુઝની સામુદ્રધુનીનો માર્ગ બંધ થવાથી ઓઇલ અને ગેસના ભાવમાં તાત્કાલિક વધારો થયો અને ભારત જેવા દેશોમાં ઔદ્યોગિક વપરાશ માટે ગેસની ‘અછત’ પેદા થઈ છે.કોઇપણ યુદ્ધ વખતે સોનાના ભાવ ઉછળતા હોય છે અને હાલમાં પણ સોનાના ભાવ વધેલા છે. આ સિવાય પણ ઘણી એવી ચીજો છે જેના ભાવ વધી ગયા છે અથવા વધારો થવાની પૂરી શક્યતા છે. અહીં એવી ચીજો વિશે વાત કરી છે જેના માટે ભારતીયોએ પહેલાં કરતાં વધુ રૂપિયા ચુકવવા પડે છે અથવા તો આવનારા દિવસોમાં વધુ ખર્ચ કરવાની તૈયારી રાખવી પડશે. ઈરાન સંઘર્ષ શરૂ થતાની સાથે જ ક્રૂડઓઇલનો ભાવ વધી ગયો જેના કારણે આ અઠવાડિયે ભારત સહિત દુનિયાભરનાં શેરબજારોમાં કડાકો આવ્યો હતો. ઈરાન પર અમેરિકા અને ઇઝરાયલના વ્યાપક બોમ્બમારા અને ઈરાનના વળતા ડ્રોન હુમલાના કારણે ગયા સોમવારે ઓઇલનો ભાવ પ્રતિ બેરલ 120 ડોલર સુધી પહોંચ્યો હતો, એટલે કે 2022ના મધ્યની તુલનામાં ઓઇલ 25 ટકા વધી ગયું હતું. ત્યાર પછી ભાવ નરમ થઈને થોડો નીચે આવી ગયો હતો, પરંતુ ગુરુવારે ફરીથી ગલ્ફમાં કાર્ગો શિપ પર નવા હુમલાના અહેવાલ પછી ઓઇલ 100 ડોલર પ્રતિ બેરલે પહોંચી ગયું હતું.

રાંધણગેસની જેમ જ ખાદ્યતેલ પણ ભારતીય રસોડામાં મહત્ત્વની કોમોડિટી છે. મધ્યપૂર્વની કટોકટીના કારણે ખાદ્યતેલના ભાવો પણ વધ્યા છે. એક અહેવાલ પ્રમાણે વેજિટેબલ ઓઇલ અને ફ્રેઇટ રેટમાં વધારો થયો છે. ખાસ કરીને પામઓઇલ, સૂર્યમુખીના તેલ અને સોયાતેલનો જથ્થો મધ્યપૂર્વની કટોકટીના કારણે ફસાઈ ગયો છે. જેને કારણે તેનો જથ્થો ભારત પહોંચવામાં વિલંબ થઈ શકે છે. એક તજજ્ઞના જણાવ્યા અનુસાર ઈરાન સંઘર્ષ શરૂ થયા પછી તરત કહ્યું હતું કે ‘ભારતમાં ખાદ્યતેલનો પુરવઠો મોટા પાયે આયાત પર નિર્ભર છે. મોટા ભાગનું ઓઇલ સુએઝ કેનાલ અને હોર્મુઝની સામુદ્રધુનીના માર્ગેથી આવે છે. તેમાં કોઈ વિક્ષેપ સર્જાય તો ભાવમાં ટૂંકાગાળા માટે વધારો થઈ શકે છે. આ ઉપરાંત ફ્રેઇટ અને વીમાનો ખર્ચ વધવાથી પણ તેલ મોંઘું થઈ શકે છે.’

ભારત એ વેજિટેબલ ઓઇલનું સૌથી મોટું આયાતકાર છે. ભારત મુખ્યત્વે આર્જેન્ટિના અને બ્રાઝિલ પાસેથી સોયાતેલ ખરીદે છે જ્યારે રશિયા અને યુક્રેન પાસેથી સૂર્યમુખીના તેલની ખરીદી કરે છે. સાઉથ અમેરિકાથી સમુદ્રમાર્ગે ભારત સુધી તેલનો જથ્થો પહોંચાડવામાં સામાન્ય રીતે છ સપ્તાહ લાગી જાય છે. એક વેપારીના જણાવ્યા અનુસાર મધ્યપૂર્વથી આવતા ખાદ્યતેલના પુરવઠાને અવરોધ નડી રહ્યો હોવાથી તમામ ખાદ્યતેલના ભાવમાં કિલો દીઠ ત્રણથી ચાર રૂપિયાનો વધારો થયો છે, પરંતુ આવી સ્થિતિ લાંબો સમય રહેશે તો ભાવ હજુ વધી શકે છે. ઈરાન સંઘર્ષના કારણે દવા ઉત્પાદનનો ખર્ચ વધી જશે તેમ માનવામાં આવે છે.

એક ડ્રગ ઉત્પાદકના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં જે અસર જોવા મળી તે મોટા ભાગે નિકાસ માટેના કાર્ગોની ઉપલબ્ધતા અને રેટ સુધી સીમિત છે. શિપિંગનાં જહાજ હાલમાં નિયમિત રીતે સફર નથી કરતાં. આ ઉપરાંત યુદ્ધના કારણે ઇન્શ્યોરન્સ ખર્ચ વધી ગયો છે. આગામી સમયમાં સ્થિતિ સ્થિર થશે તો આ માત્ર ટૂંકા ગાળા પૂરતી અસર રહેશે.

તેમણે કહ્યું કે, આપણે ત્યાં લગભગ ચારથી સાડા ચાર મહિનાનો રો મટિરિયલનો સ્ટોક હોય છે. તેથી ફોર્મ્યુલેશન ઉત્પાદકો સુધી કોઈ અસર નથી આવી. પરંતુ યુદ્ધ ત્રણથી ચાર મહિના ચાલે તો તેમાં અસર પડી શકે છે. ડોલર સામે રૂપિયાના ઘસારા અંગે એક નિકાસકારના જણાવ્યા અનુસાર ફાર્માસ્યુટિકલ્સ એ નેટ એક્સપોર્ટર ઉદ્યોગ છે. ગયા વર્ષે 30.47 અબજ ડોલરની નિકાસ કરી છે. રૂપિયો અનુકુળ હોય ત્યારે ફાર્મા ઉદ્યોગ વધારે સ્પર્ધાત્મક બને છે. મધ્યપૂર્વ કટોકટી વચ્ચે ઇંધણ મોંઘું થવાના કારણે વિમાનની ટિકિટના દર પહેલેથી વધી ગયા છે અને હજુ પણ તેમાં વધારો થવાનો છે.

વિદેશમાં ભણવા જવું હોય કે વેકેશન ગાળવા જવું હોય, દરેક જગ્યાએ પહેલાં કરતાં વધારે રૂપિયા આપવા પડશે.

ભારતની અગ્રણી એરલાઇન એર ઇન્ડિયાએ ઇંધણના ભાવમાં થયેલા વધારાના પગલે પ્રવાસીઓ પાસેથી ફ્યુઅલ સરચાર્જ વસુલવાનો નિર્ણય લીધો છે, જેના કારણે એર ટિકિટ મોંઘી થશે. 12મી માર્ચથી એર ઇન્ડિયા ડોમેસ્ટિક ફ્લાઇટ માટે દરેક નવા બુકિંગ પર 399 રૂપિયા ફ્યુઅલ સરચાર્જ વસુલ કરશે, જ્યારે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ માટે 10થી 50 ડોલર વધારાના ચુકવવા પડશે. એર ઇન્ડિયાનું કહેવું છે કે એર ઇન્ડિયાના સંચાલકીય ખર્ચમાં એટીએફ (એવિયેશન ટર્બાઇન ફ્યુઅલ)નો લગભગ 40 ટકા જેટલો હિસ્સો હોય છે.

તાજેતરમાં ઓસ્ટ્રેલિયાની ક્વેન્ટાસ એરવેઝ, સ્કેન્ડિનેવિયાની SAS અને એર ન્યૂઝીલેન્ડે પણ એર ટિકિટના ભાવમાં વધારો જાહેર કર્યો હતો. હોંગ કોંગ એરલાઇન્સે પણ ફ્યુઅલ સરચાર્જમાં વધારો કર્યો છે.

# ‘અમથેઅમથું’ નહીં, ખરેખરું કહેતો કાવ્યસંગ્રહ

અક્ષરની આરાધના
સંપાદનઃ નરેશ શુક્લ


‘સાહિલ પરમારે આ કાવ્યસંગ્રહની પ્રસ્તાવના લખી છે. એમાં આ કાવ્યો પાછળની પૃષ્ઠભૂ સ્પષ્ટ કરી છે. જુઓ- ‘અઢળક આંજ્યાં દુઃખ- આ દુઃખ અમે નથી આંજ્યાં, આપણી સમાજવ્યવસ્થાએ આંજેલાં છે. બળજબરીપૂર્વક “who were untouchables”ગ્રંથમાં ડૉ. આંબેડકરે Broken Manની થિયરી આપી છે. એક જ વંશ (Rase)ના બે સમૂહો વચ્ચે મોટે પાયે સંઘર્ષ થતાં વિજેતા સમૂહે પરાજિત સમૂહને બધી રીતે તોડી પાડ્યો. અમે એ Broken People છીએ. તોડી પડાયેલાં લોકો, ભાંગી નંખાયેલા લોકો. .એક મરાઠી અનુવાદે એના માટે શબ્દ આપ્યો છેઃ . હા, અમે એટલે એ , જેમના ભાગે પળેપળ રાત-દિવસની પીડા છે ને સુખ છે જેમનાથી સો જોજન દૂર- એ અમે અને દુઃખનો, પીડાનો, વેદનાનો આ વારસો અમને થોડાંક વર્ષોથી નથી મળ્યો. સહસ્ર વર્ષથી મળ્યો છે’કહીને કવિની રચનાઓ ટાંકી છે. આગળ લખે છે- ‘અમે તમને ક્યાં નડીએ છીએ, એ તો બતાવો. અમે વાંકડી મૂછો રાખીએ તો એમાં તમારા ક્યા ગરાસ લૂંટાઈ જાય છે? અમે બેન્ડ વાજાં સાથે વરઘોડો કાઢીએ તો તમારાં ક્યાં રાજપાટ લૂંટાઈ જાય છે? એમાં એક પાઈનું પણ નુકસાન ખરું તમને? તો પણ અમે એવું કરીએ તો તમે તલવારો કાઢો, માર મારો. કારણ? (નિવેદન)

**આભડછેટનો અભિશાપ તો છેલ્લાં વર્ષોમાં ઘટતો અનુભવાય છે પણ હજીએ લોકોનાં મનમાં રહેલી આ કુપ્રથાઓ, માન્યતાઓ અને માનસિકતાનો હલ કેમ નહીં આવતો હોય તે પ્રશ્ન મને હમેશાં રહે છે**

કમનસીબે આ બધા સવાલોના જવાબો આપવામાં જીભ થથરી જાય છે. આભડછેટનો અભિશાપ તો છેલ્લાં વર્ષોમાં ઘટતો અનુભવાય છે પણ હજીએ લોકોનાં મનમાં રહેલી આ કુપ્રથાઓ, માન્યતાઓ અને માનસિકતાનો હલ કેમ નહીં આવતો હોય તે પ્રશ્ન મને હમેશાં રહે છે. દલિત સાહિત્યમાં જે જે પ્રશ્નો અને સમસ્યાઓ આલેખાઈ છે એ એ સમસ્યાઓ હજીયે ક્યાંક ને ક્યાંક છે, એ હકીકત આપણને અવારનવાર વર્તમાનપત્રોમાં સમાચારરૂપે વાંચવા મળે છે, કવિતાઓ, વાર્તાઓ અને જ્યાં નજર નાંખીએ ત્યાં કોઈ ને કોઈ રૂપે જોવા, વાંચવા મળે છે- આ સ્થિતિ બદલાવી જોઈએ. કોઈ પણ સંસ્કૃતિ માટે આ કલંક ગણાય. એના નિવારણમાંય સચ્ચાઈ અને ઝડપ લાવવાની જરૂર છે. બદલાવ આવી રહ્યો છે પણ બહુ ધીમો. આ કવિતાઓ એ સમસ્યાઓને, એ પ્રશ્નોને, એ હકીકતને અને એ સ્વાનુભવને આલખે છે. આ દલિત ચેતનાની કવિતાઓ છે અને એટલે એને માપવાના, જોવાના માપદંડો પણ કલાના ધોરણે નહીં પણ સમાજશાસ્ત્રના ધોરણે હોય છે. એ રીતે જોવાથી કવિના ચિત્તમાં રહેલા સંઘર્ષને, ચિત્તસંક્ષોભને અને સંવેદનને પામવાના રસ્તાઓ મળે છે. એ નરી વેદનાઓથી રંગાયેલ છે, એમની અંગત પીડાથી સભર છે અને એમાં કશોય એસ્થેટિક પ્લેઝર નહીં પણ માત્ર પીડાનો ભાવ જ અનુભવાય છે. એક માણસની પીડા, પડખે બેઠેલા બીજા માણસની પીડા માત્ર, જેનો ઉકેલ આપણાં સૌનાં સમસંવેદનમાં જ હોય, મળી શકે.

ઝાડી ઝાંખર ઊભાં કીધાં, નાંખ્યાં વચ્ચે કંકર,
દેવાલયનાં બંધ દ્વાર ને કૂવા-તળાવે બંકર,
કહો, ક્યાં અમે તમોને નડ્યા...? (પૃ. 20)

સ્વાભાવિક જ સ્પષ્ટ એવી નેમ સાથેની આ કવિતાઓ છે, પ્રતિબદ્ધતાને પ્રગટ કરવાના સાધનરૂપ આ રચનાઓ છે એટલે પ્રમાણમાં બોલકી હોવાની જ પણ અહીં લય અને પ્રાસ સહજ રીતે આવ્યો હોવાથી આખી એ વાત કાવ્યરૂપ ધરી શકી છે. એ વાતને જાણીતા કવિ કિશોર જિકાદરાએ પોતાના નિવેદનમાં આ રીતે વ્યક્ત કરી છે. જુઓ- આ સંગ્રહમાં ગીતો છે, ગઝલો છે અને




હૃદયને સ્પર્શી જાય તેવાં અછાંદસ પણ છે. પણ ખાસ કરીને, ગીતોમાં કવિની હથોટી ઊડીને આંખે વળગે તેવી છે. બે અંતરામાં હાંફી જવાય તેવી સ્થિતિ વચ્ચે આ કવિએ ચચ્ચાર અંતરાવાળાં ગીતો રચીને એની કલમની તાકાત આપણને બતાવી દીધી છે. શોષિતો, વંચિતો, પીડિતો અને દલિતોનો અવાજ ઉઠાવવાનો હોય તો સ્વાભાવિક છે કે કવિતામાં વિષયવૈવિધ્ય ન આણી શકાય. આવી પરિસ્થિતિમાં પરંપરિત વિષયને રજૂ કરવામાં શબ્દોનું નૂતન આંજણ ન આંજી શકાય તો કવિતા અર્થના આટાપાટા કે શબ્દના વ્યર્થ ઘોંઘાટથી વિશેષ કશું હાંસલ કરી શકતી નથી. જો કે આ સંગ્રહની ઘણી કવિતાના શબ્દો બિનજરૂરી ખખડાટ કર્યા વગર વાચકોને ઘણું બધું કહી જાય છે. કવિ વ્યથાની વાત નમ્રપણે કહી જાય છે એટલે સંગ્રહ બહુ બોલકો નથી બન્યો પણ પીડા અને વ્યથાની કવિતાઓ છે એટલે વાચકોની સહાનુભૂતિ તો અવશ્ય પામી શકે તેવો થયો છે.પણ મુદ્દો એ છે કે આ કવિને વાચકોની સહાનુભૂતિ નથી ખપતી, કવિને ખપે છે પીડિતોના પ્રશ્નોનો હલ...(પૃ.13)

હવે કેટલીક રચનાઓનાં અંશો જોઈએ-

મૂળ રે વિનાના જીવન આપણે..। ધૂળ રે વિનાના જીવણ આપણે...। કોણે દીધો આ અવતાર ?। જીવતર જાણે તાર તાર...મૂળ રે વિનાના... (પૃ.22)

જળની આ માયા ને જળની આ કાયા,। કહો ને, ક્યાંથી જળ આ અભડાય ?। ભલા જળથી તે જડતર સરજાય.. (પૃ.26)

વચનો જૂઠાં, ચહેરા જૂઠા, । ઉભડક હમ્બો-હલ્લો કરીએ,। લોક ભલે હિજરાતું મનમાં। સાત સમંદર તરીએ..। તાલમેળનાં તૂટ્યાં તરાજુ, ક્યાં મૂકવો જઈ બોજ?। અમારું હખળડખળ ભૈ મૌન, અમારું અકળવિકળ ભૈ મૌન. (પૃ.28)

વહી ગઈ એ વાત વિચારી શા કાજે કરગરવું?। કશું ના લાગે હાથ પછીથી શા કાજે તરફડવું?। જીવતર જાણે ઝાડ, પાંદડાં, ઊડી જશે બસ રોઈ...। શબદનો સાદ સૂણે ના કોઈ... (પૃ.30)

કવિને ગીતોનો લય સહજ છે. આ સંગ્રહમાં ઘણી ગીત રચનાઓ છે. સ્વાભાવિક ગીત એ એકદમ હળવું ફૂલ જેવું કોમળ સાહિત્ય સ્વરૂપ છે. એમાં મોટા ભાગે ઊર્મિઓ, નાજુક સંવેદન આલેખવામાં આવે છે. પણ કવિએ એ ગીતોના લયને પોતાની વાત કહેવામાં ખપ લીધો છે. હળવા ગીતમાં ગંભીર પ્રશ્નો, ચિંતન અને દુઃખને અભિવ્યક્ત કર્યા છે. ગઝલને પણ સહજ રીતે ખેડી છે. એમાં જીવન-અર્કને અને અર્થને વ્યક્ત કરવાની મથામણ કરી છે. સ્વાભાવિક જ બધી જગ્યાએ કવિતા સિદ્ધ નથી થઈ શકી. ઘણી વાર સાવ બરડ રીતેય વ્યક્ત થયા છે. વિચાર અને વિષયના પુનરાવર્તન પણ મળી આવે.

શબ્દના સો સાથિયા પૂર્યા પછી, । શબ્દ એક ઉચ્ચારી બહુ તડતા તમે... (પૃ. 34)

સંગ્રહમાં વચ્ચે વચ્ચે અછાંદસ રચનાઓ પણ આવી છે. એમાં મોટા ભાગે સ્ટેટમેન્ટ પણ મળી આવે. એમાં કાવ્યચમકાર પણ મળી આવે છે. મોટા ભાગની રચનાઓમાં માનવ-માનવ વચ્ચેનો ભેદભાવ અસરકારક રીતે વ્યક્ત થયો છે. જુઓ-

આમ તો તમે અજવાળું થયાની આલબેલ પોકારી રહ્યા છો
પણ અમને તો તિમિરોનાં તમરાં કાનમાં કણસી રહ્યાનો અણસાર કહો કે અહેસાસ થાય છે.
એક ક્ષણે તમે કહેશો,
તો અમે સવારને સાંજ ગણી લઈશું,
આજ ને કાલ ગણી લઈશું,
રોમ રોમ દાઝ્યા પર પણ હવે એસિડ ઢોળશો નહીં ભલા!
એક ક્ષણે તમે કહેશો
તો અમે તણખલાને ઘેઘૂર વડ સમજી લઈશું,
ડિમોનિટાઈઝેશનનો ડોલરિયો પહાડ સમજી લઈશું
વચનોના ભારથી ભીંતો ફાટું-ફાટું થઈ રહી છે, ભલા!
એક ક્ષણે તમે કહેશો
તો અમે તડકાને બાંધી દઈ એવરેસ્ટ પહોંચી જઈશું
સણકાને સાંધી સમંદર તરી જઈશું
પણ ઝૂંપડી મધ્યે
તરસતા જીવતરને આઘુંપાછું ના કરો, ભલા.. (પૃ. 69)

રમણ વાઘેલાની કેટલીક રચનાઓમાં જીવન આનંદ પણ છે, શ્રદ્ધા અને સબુરી પણ દેખાય છે. એ સ્વભાવે બંડખોર નથી પણ ધારદાર પ્રશ્નો જરૂર ઉઠાવે છે. અસંતોષને વિધેયાત્મક માર્ગે વાળીને જીવનરસને પોતાના કવનમાં ગૂંથવાનો પ્રયાસ કરતા રહે છે. મને ત્યાં કવિ દેખાઈ આવે છે. કવિ પ્રશ્નો પૂછે, ક્યારેક અકળામણ વ્યક્ત કરે જરૂર પણ ભાવકને અંદરથી ખળભળતો કરી મૂકે એ જ તો એનું કર્મ હોય છે. પ્રતિબદ્ધતા માનવમૂલ્યો સાથે છે અને હોવી જોઈએ.

રમણ વાઘેલા બહુ જ સહજ સરળ વ્યક્તિત્વ ધરાવે છે. સરકારી ઉચ્ચ અધિકારી રહ્યા હોવા છતાં ડાઉન ટુ અર્થ રહેવું સરળ હોતું નથી. અનેક સાહિત્યિક કાર્યક્રમોમાં એમને મળવાનું બન્યું છે. આ સંગ્રહના પ્રાગટ્ય વેળાએ એમણે જે નિવેદન આપ્યું છે એ પણ જોઈ લઈએ- પહેલા સંચયમાં મહદ્ અંશે લલિત કવિતાઓ (જીવ્યે-મર્યે જતાં અમે- રચના સિવાય) હતી તો બીજા સંચયમાં પૂર્ણતઃ દલિત કવિતા મુખ્યત્વે હતી, જે મોટા ભાગે 1981-82 બાદ રચાયેલી- જેના કારણમાં અનામતવિરોધી હુલ્લડ અને તે પછી દલિત સમાજ પ્રત્યેનો બદલાયેલો રવૈયો, દલિત સમાજ પ્રતિ સુલગતા જતા સામાજિક વ્યવહારની ઝીલાયેલી અસરનાં પરિણામ- પરિમાણ કેન્દ્રસ્થાને જોવા મળશે.ચૌદ વર્ષના લાંબા અંતર બાદ આ કાવ્યસંગ્રહ પ્રસિદ્ધ કરી રહ્યો છું. એના કારણમાં ખુદની આળસ ઉપરાંત દલિત કવિતાનું વિશેષ સંમાર્જન થાય તો કવિતા વધુ બળવત્તર બની નિપજી આવે એવો એક મનસૂબો-સંકલ્પ પણ ખરો... (પૃ. 14) આ કવિતાસંગ્રહનું સ્વાગત છે.

(‘અમથેઅમથું’(કાવ્યસંગ્રહ) રમણ વાઘેલા, પ્ર.આ. 2025, પ્રકા. શરૂઆત પબ્લિકેશન, 107, સ્ટાર પ્લેટિમ કૉમ્પ્લેક્સ, મધુરમ ગેટ પાસે, જુનાગઢ-382015, કુલ પાનાં- 93, કિં. 150.00 રૂ. કાચું પૂંઠું, ડેમી)

# વિશુદ્ધ ભારતીય વિચારણા અને પરિવેશને પ્રગટાવતી વાર્તાઓ...

સુરત અને દક્ષિણ ગુજરાત વિસ્તારમાં કેટલાક પ્રતિભાવંત અધ્યાપકોની સક્રિયતા જોઈ શકાય છે એમાં શ્રી વિજય સેવકનું નામ આગલી હરોળમાં આવે. શિક્ષણશાસ્ત્રમાં એમનું પ્રદાન નોંધપાત્ર છે. આ ઉપરાન્ત શિક્ષણની એક પ્રયુક્તિ તરીકે નાટ્યનો સકારાત્મક ઉપયોગ કરવામાં એમની નિપુણતા વ્યાપકરૂપે જાણીતી છે. વિદ્યાર્થીઓના પ્રિય એવા વિજય સેવક અનેક એવોર્ડ-વિનર તો છે જ સાથોસાથ સક્રિય રીતે વિવિધ હોદ્દાઓ પર રહીને શિક્ષણ અને સમાજમાં સેવાઓ આપતા રહ્યા છે. એમણે મૂળ મરાઠી એવી વાર્તાઓનો ગુજરાતીમાં વાયા હિન્દી અનુવાદ કર્યો છે. આ અનુવાદ બહુ મહત્ત્વપૂર્ણ છે, કેમકે ઘણા સમય પછી સંપૂર્ણપણે ભારતીય પરિવેશ, ભારતીય વિચારસરણીઓ અને ભારતીય મૂલ્યોના મૂળમાં રહેલ તત્ત્વજ્ઞાનને વાર્તામાં ગૂંથી આપતી રચનાઓ એમાંથી મળી છે. આ વાર્તાઓનું આંતરવિશ્વ અનોખું છે. ગુજરાતીમાં આ પ્રકારની વાર્તાઓ લખાઈ છે. આ માહોલ અને જીવનશૈલીને આલેખતી વાર્તાઓ પણ લખાઈ જરૂર છે પણ છેલ્લા પાંચ-સાત દાયકાઓમાં જે આધુનિક વલણો આવ્યાં અને એના પછી આધુનિકેતર વલણોમાં ગુજરાતી વાર્તાકારોની જે દૃષ્ટિ પ્રગટી છે એનાથી આ વાર્તાઓ સાવ અનોખી અને ઘણી રચનાત્મક રૂપ ધરીને આવી છે. એટલે પણ આ વાર્તાઓ દરેક વાર્તારસિયાઓએ વાંચવા જેવી છે. એનાથીયે આગળ વધીને કહું તો ભારતીયતા શોધતાં સાહિત્યરસિકોએ તો ખાસ વાંચવા જેવી છે. બને તો અભ્યાસક્રમોમાં ગોઠવીને નવી પેઢીને ભણાવવી જોઈએ.

મૂળ મરાઠીમાં આ વાર્તાનાં લેખિકા છે રેખા બૈજલ. એમના પતિ શ્રી શિવકુમાર બૈજલ એનો હિન્દીમાં અનુવાદ કરે છે. કેટલીક વાર્તાઓ સાહિત્ય અકાદમી, દિલ્હીના મુખપત્ર ભારતીય સાહિત્યમાં એ પ્રકાશિત થયેલી ને એ રીતે પહોંચી આપણા વિજય સેવક પાસે. ગમી ગઈ અને અનુમતિ માંગી અનુવાદ માટેની. એ રીતે ગુજરાતી ભાષામાં આ વાર્તાઓ આવીને વસી છે. ટૂંકી વાર્તાનું વર્તમાન સાહિત્યસ્વરૂપ ભલે વિદેશમાંથી આવીને આપણે ત્યાં સ્થાયી થયું હોય પણ હવે એ દોઢસો વર્ષમાં સાવ આપણું પોતીકું સ્વરૂપ બની ચૂક્યું છે. આ વાર્તાઓમાં તો એ વધારે ઊંડે ઊતરી ચૂક્યું હોવાની અનુભૂતિ થયા વિના નથી રહેતી. આ સંગ્રહની પ્રસ્તાવના શ્રી કિરીટ દુધાતે લખી છે.

સાવ નાનકડો એવો આ વાર્તાસંગ્રહ પાંચ વાર્તાઓને પોતાનામાં સમાવે છે. પાંચેય વાર્તાઓ પાણીદાર છે, નિજી સૃષ્ટિ અને દૃષ્ટિ ધરાવે છે. સાવ સહજ, સરળ કથન, કશીયે રચનાપ્રયુક્તિઓના પ્રપંચમાં પડ્યા વિના રૈખિક ગતિએ આરંભથી અંત સુધી નિર્વહન કરતી હોવા છતાં વાચકને એકધારા પકડી રાખવાની ક્ષમતા ધરાવે છે. કારણ કે એમાં આલેખાયેલું કથાનક સ્વયં મજબૂત છે, તાજગીભર્યું છે અને સમાન્તરે સંકુલ પણ છે. જેમ કે, પહેલી જ વાર્તા એટલે ‘પાષાણશિલ્પ’. એ વાર્તામાં નર્તકી દેવી અને એની કલામાં પૂર્ણતા પામવાની તડપ કેન્દ્રમાં છે. એના નૃત્યગુરુને લાગે છે કે એ નૃત્યાંગના તરીકે પરિપૂર્ણ બની ચૂકી છે પણ નર્તકીને પોતાનામાં અધૂરપ લાગે છે અને એ પૂર્ણ કરવાના પ્રયત્નોમાં લાગે છે. એક એવી ગુફામાં જાય છે જ્યાં નૃત્યાંગનાઓની અનેક અચંબિત કરી નાંખનારી મુદ્રાઓમાં અંકિત એવાં શિલ્પો છે. - કથા આ રસ્તે




ચાલે છે પણ એનું ચાલકબળ તો છે કલાકારમાં રહેલ ધધકને જો પૂર્ણત્વ મળે તો શું થાય અને અને અપૂર્ણ રહે તો શા હાલ થાય- તેનું વૈચારિક અને મૂર્ત રૂપ બંને આ વાર્તામાં બે નૃત્યાંગનાઓ અને ભારતીય કલાવિચારણામાં રહેલાં દ્વૈત અને અદ્વૈતના માર્ગે જતી સ્થિતિ વાર્તાની શરતે આલેખાઈ છે. આખીયે વાર્તા સ-રસ નિર્વહન પામી છે.

‘મૃત્યુથી જીવન સુધી’-નામની બીજી વાર્તામાં આલેખાયેલ લોકાલ અને એની અસર જે પ્રબળ રીતે આલેખાઈ છે તે આ વાર્તાનો ચમત્કાર છે. એવા સંજોગો નિર્માણ થાય છે કે અનાથ એવી છોકરી જે સાસરીમાં તો આવી ગઈ છે, ગર્ભ પણ ધારણ થઈ ગયો છે પણ હજી સાસુ-સસરા સાથે બહુ હળી-ભળી નથી, બીજી બાજુ સાસુ-સસરા જિંદગીભર સ્મશાનમાં જ ઝૂંપડી વાળીને રહ્યા છે, સ્મશાનમાં જ એમની જિંદગી વીતી છે. વાર્તાકારે આ બધા જ પ્રકારના સાંધાઓને, એકમેકમાં ભળવાની પળને, જન્મ અને મૃત્યુની સ્થિતિને સાથે મૂકી છે. સામાન્ય માન્યતાઓથી સાવ વિપરીત એવી સર્જાતી સ્થિતિઓમાં મૂકાઈ ગયેલી સગર્ભા નાયિકા બાળકને જન્મ આપે છે - એ આખી ઘટના ક્રમશઃ ભારતીય ચિન્તનને, ભારતીય પરિવેશને, સામાન્યજનનાં ચિત્તમાંય જીવન જીવવાના જે વિચારો છે, મૂલ્યો છે એ અને ઉમદા ખુલ્લાપણું તથા વાત્સલ્ય છે એને આ વાર્તામાં બહુ સહજ છતાં અસરકારક રીતે વણી લેવામાં આવ્યાં છે.

‘પ્રકાશવસ્ત્ર’અને ‘અજ્ઞાત’નામની બે રચનાઓનું વાર્તાવરણ પ્રમાણમાં સમાન્તરે જતું લાગે છે. વિચારધારાઓના આંતરવિરોધ પણ અનુસંધાનમાં ચાલતા લાગે. ‘પ્રકાશવસ્ત્ર’માં ભલે ક્યાંય નામ નથી આપવામાં આવ્યું પણ એક સમયે જીવનથી વિમુખ થઈને ઈન્દ્રિયનિગ્રહ કરીને સાધુત્વ પ્રાપ્ત કરવા અને એન્લાઈટન થવાની દિશામાં જિંદગી વીતાવતાં મોટા વર્ગને એ જ ભગવંત નવા જન્મે આવીને જ્યારે મઠાધીશને દિશા આપે કે જો એ જ દિશામાં જીવવા માટે ઈશ્વરે જીવન આપ્યું હોત તો ઈન્દ્રિયો શા માટે આપી હશે? ને એક જૂદી જ દિશામાં, વિચારધારાઓ, નિયમોનો વિરોધ કર્યા વિના જાતે જ વિચારધારા પસંદ કરવી, ખાસ તો જીવન જીવવામાં, માણવામાં અને જિંદગીને અર્થ મળે તે માટે મથવાની દિશાનો સંઘર્ષ વાર્તારૂપ ધરી આવ્યો છે. ‘અજ્ઞાત’વાર્તા એ ધારામાં ચાલ્યા પછી એ જીવનને નવ દિશા ચીંધે છે.

‘આદિમ’વાર્તામાં ભારતીય નારીનું જે ચરિત્ર પ્રગટે છે તે માત્ર નારી સ્વાતંત્ર્યનું પશ્ચિમી રૂપ નથી, ભારતીય નારી ત્યાગ દ્વારા કઈ રીતે આધિપત્ય ભોગવે છે, સમર્પણની પરાકાષ્ઠાથી કઈ રીતે પુરુષને જીતે છે અને પોતાના અસ્તિત્વનો સ્વીકાર સૌ કરે એ સ્થિતિને વાર્તારૂપ ધરીને આવી છે. આ વાર્તાઓ એ રીતે ખરેખર અનોખી છે.

‘અજ્ઞાત’વાર્તામાં ઠરેલ ગુરુ અને કુતૂહલભર્યા શિષ્ય નિમિત્તે વર્ણવ્યવસ્થા, આશ્રમની બહાર વિસ્તરેલા સંસારમાં રહેલી કડવી વાસ્તવિકતાઓ અને જીવનસંઘર્ષનાં રૂપોની સામે સતત પ્રશ્નોથી સભર રહેતા શિષ્યની ઈચ્છા અને ગુરુની વ્યાપક સમજ કઈ રીતે મોકળાશ આપે છે-એની વાર્તા જીવનના અર્થને પણ સરસ રીતે ગૂંથે છે. આખીએ વાર્તામાં ચિંતન હોવા છતાં એનું નિર્વહન એવું તો ખૂબીપૂર્વકનું છે કે રસક્ષતિ જરા જેટલી પણ નથી થતી. આ બધી જ વાર્તાઓનો આ વિશેષ છે.

આ અનુવાદ પ્રવાહી છે, તત્સમ શબ્દોનો સમુચિત ઉપયોગ વાર્તાઓને અનુરૂપ વાર્તાવરણ રચી આપે છે. આ વાર્તાઓનું ગુજરાતી સાહિત્યમાં સ્વાગત છે.

(‘પાષાણશિલ્પ અને અન્ય વાર્તાઓ’(ટૂંકી વાર્તાઓ) રેખા બૈજલ, અનુ. વિજય સેવક, પ્ર.આ. 2025, પ્રકા. સાહિત્ય સંગમ, બાવાસીદી, પંચોલી વાડી સામે, ગોપીપુરા, સુરત- 395001, કુલ પાનાં- 96, કિં. 110.00 રૂ. કાચું પૂંઠું, ડેમિ)

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વિલંબિત ન્યાય એ ન્યાય નથી

વિલંબિત ન્યાય એ ન્યાય નથી”, ન્યાયતંત્રની ધીમી ગતિ આરોપી અને ભોગ બનનાર બંને માટે અન્યાય સમાન છે! ખેર,”વિલંબિત ન્યાય એ ન્યાય નથી”! (Justice delayed is justice denied) દાયકાઓ સુધી ચાલતા કેસો આરોપીનું સર્વસ્વ લૂંટી લે છે, સામાજિક બહિષ્કાર અને આર્થિક નુકસાન પહોંચાડે છે, જેનાથી નિર્દોષ જાહેર થયા પછી પણ માનસિક શાંતિ મળતી નથી! અલબત્ત, આ વિષય ઉપર મુખ્ય પાસાંઓ નિમ્નલિખિત રહેલાં છે!

અન્યાયનો પર્યાયઃ ૨૫ - ૩૦ વર્ષ સુધી કોર્ટ અને પોલીસ સ્ટેશનના ધક્કા ખાધા બાદ મળતો ન્યાય, વાસ્તવમાં ન્યાય નથી, પરંતુ અન્યાય સમાન છે!

પેન્ડિંગ કેસોની સમસ્યાઃ કોર્ટમાં સતત મુદતો (tarikh-pe-tarikh) અને પેન્ડિંગ કેસોના કારણે અસીલો નારાજગી અનુભવે છે!

આર્થિક અને સામાજિક બોજઃ કેસ લાંબો ચાલવાથી વકીલની ફી અને અન્ય ખર્ચમાં વધારો થાય છે, જે સામાન્ય માણસ માટે ન્યાય મેળવવાનું અશક્ય બનાવે છે!

ન્યાયતંત્રમાં સુધારાઃ આ સમસ્યાને દૂર કરવા માટે કાયદાકીય પ્રક્રિયામાં સુધારા અને ઝડપી ન્યાયતંત્ર (fast-track courts) ની જરૂર છે!

જો ન્યાય સમયસર ન મળે તો તે ભોગ બનનાર વ્યક્તિ માટે નિરર્થક છે અને છેવટે, ન્યાયતંત્ર ઉપરથી વિશ્વાસ ઊઠી જવાથી, ભોગ બનનાર નાછૂટકે કાયદો હાથમાં લેતો થાય છે અને જેને પગલે નાઈલાજે ગુંડાગર્દી વકરી ઊઠતાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ પણ જોખમાય છે. એ માટે પૂર્વગ્રહ વિના કહીએ તો વિલંબિત ન્યાય અને ન્યાયતંત્ર બંને ઓછા તથા વધતા પ્રમાણમાં જવાબદાર રહેલા છે.એ વાસ્તે,

1. ઝડપી ન્યાયતંત્ર (Fast-Track Courts): વધુ ઝડપી ન્યાયતંત્રની સ્થાપના કરવી જોઈએ!
2. કાયદાકીય પ્રક્રિયામાં સુધારાઃ કાયદાકીય પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવવી જોઈએ!
3. વકીલોની તાલીમઃ વકીલોને નવી ટેકનોલોજી અને કાયદાકીય પ્રક્રિયાઓ વિશે તાલીમ આપવી જોઈએ!
4. ન્યાયતંત્રમાં ટેકનોલોજીનો ઉપયોગઃ ન્યાયતંત્રમાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને કેસોનું નિરાકરણ ઝડપી બનાવવું જોઈએ!

**સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન**

## ધર્મના પર્યાય

ધર્મ કોઈ બંધન નથી, પરંતુ જીવનને દિશા આપતી માર્ગદર્શિકા છે. નીતિ, સ્નેહ, ન્યાય, આદર, સમાનતા, નિયમો, મર્યાદા, ભક્તિ, ફરજ, સત્ય અને કરુણા – આ તમામ ગુણોનું સંકલન એટલે ધર્મ. ધર્મ કોઈ પણ પંથ કે પરંપરા પૂરતો સીમિત નથી; તેનો મૂળ હેતુ મનુષ્યને સાચા અર્થમાં “મનુષ્ય” બનાવવાનો છે. જીવન કેવી રીતે જીવવું, કઈ રીતે વર્તવું અને કઈ રીતે પોતાના તથા પરના હિતનું ધ્યાન રાખવું – તેની માર્ગદર્શિકા ધર્મ આપે છે.સાકાર હોય કે નિરાકાર – આસ્થા મનુષ્યના અંતરાત્માનો આધાર છે. મનુષ્ય જ્યારે પરમ શક્તિને સ્વીકારે છે, ત્યારે તે પોતાની મર્યાદા અને જવાબદારીને પણ ઓળખે છે. ભક્તિ દ્વારા તે ભયમુક્ત બને છે અને જીવનની જટિલતાઓને સરળતાથી સ્વીકારી શકે છે.

પરમ શક્તિને સાકાર સ્વરૂપ આપવાનો હેતુ એટલો જ છે કે ભૌતિક જગતમાં જીવતો મનુષ્ય એક સ્વરૂપ સાથે એકાગ્ર થઈ શકે, પોતાની ભાવનાઓને વ્યક્ત કરી શકે અને મનને સદ્કાર્યોમાં લગાવી શકે. આ પ્રક્રિયા તેને ધર્મના પર્યાયોને સમજવા અને તેમના અનુપાલન માટે પ્રેરિત કરે છે. નિરાકાર સ્વરૂપને માનનાર માટે ધ્યાન, મંત્રોચ્ચાર અને આત્મચિંતન ભક્તિના માર્ગ છે. આ માર્ગો દ્વારા મનુષ્ય પોતાની અંદરની શુદ્ધિ અને શાંતિને અનુભવે છે. અંતે, ધર્મનો સાચો અર્થ રિવાજોમાં નહીં, પરંતુ માનવતાના જીવંત અનુપાલનમાં છે. જ્યાં સત્ય, કરુણા અને ન્યાય જીવંત છે, ત્યાં જ ધર્મ વસે છે.

**સુરત - સીમા પરીખ**

## અધિક માસ (જ્યેષ્ઠ)

કેલેંડરમાં આંગ્લ માસ મે નું પાનું જોતાં આપણા ગુજરાતી માસનું નામ “અધિક જયેષ્ઠ” તરીકે વંચાશે. ત્યાર પછી પાનું પલટાવતાં વળી પાછો જયેષ્ઠ માસ આવે છે, પરંતુ અહીં “નિજ જયેષ્ઠ” વંચાશે. આમ બે “જેઠ” માસ હોવાને કારણે આ વરસે બારને સ્થાને તેર મહિના આવે છે.

આનું કારણ ખગોળશાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ... પૃથ્વી સૂર્યની પરિક્રમા કરતાં કરતાં ફરી પાછી એક ચોક્કસ જગ્યાએ આવે ત્યાં સુધીમાં બાર પૂનમ કે પછી અમાસની ઘટના ઘટતી નથી. બીજા શબ્દમાં જણાવું તો સૂર્યની પ્રદક્ષિણા કરતી પૃથ્વીનું કોઇ ચોક્કસ સ્થાને પરત આવતાં લાગતો સમયગાળો જેને આપણે એક વરસ કહીએ તે પૂરું થશે. સ્પષ્ટતા કરવા કે પછી ટેક્નિકલ નામ છે તે “સૌર (સોલાર) વર્ષ” ગણાય છે. આ જ સમયગાળા દરમ્યાન ઉપર લખ્યું તેમ બાર અમાસ કે પૂનમની ઘટના ઘટતી નથી. બીજા શબ્દમાં કહીએ તો ચંદ્રના બાર માસ પૂરા નથી થતા. એટલે કે ચંદ્રમાનું “ચાંદ્ર (લ્યુનાર) વર્ષ” પૂરું થતું નથી. એટલે કે સોલાર વરસ કરતાં લ્યુનાર વરસ જરાક નાનું છે. આ માત્ર પેલા ‘પેરાલેક્ષ ઈફેક્ટ” જેવી વાત નથી. આ એક યુનિવર્સલ ટ્રુથ છે. આ તફાવત દૂર કરવા આપણા પૂર્વજોએ એક વધારાના મહિનાની રચના કરી. આ મહિનો ક્યારે ગોઠવવો એ ગહન ખગોળશાસ્ત્રનો વિષય છે. આશા રાખીએ ખગોળશાસ્ત્ર કે પછી જ્યોતિષશાસ્ત્રના વિશારદો સમજાવે.

**સુરત - ચેતન સુશીલ જોષી**

## યુદ્ધની ભારત પર અસર!

ઈરાન સાથે ઇઝરાઇલ અમેરિકા ના ચાલી રહેલા યુદ્ધથી ભારતમાં પણ તેની અસર પડી છે ગેસ પુરવઠો ખોરવાઈ જતા લોકો ત્રાહીમામ પોકારી ગયા છે સરકારી તંત્ર કહે છે કે ગેસ સિલિન્ડર પૂરતા છે પરંતુ લોકોની લાઇન બતાવે છે કે દાવો ખોટો છે લોકો હવે કોલસાની સગડી પર કે ઇલેક્ટ્રીક સગડી પર રસોઇ બનાવવા મજબૂર થયા છે આવા સમયે આપના વડાપ્રધાન ના અગાઉ કહેવા મુજબ ચા કેવી રીતે બનાવતા તેનું વિવરણ યાદ આવી ગયું હતું કે ગટરમાં વાસણ ઊંધૂં મૂકી વચમાં હોલ પાડી નરી વાટે ગટરનો ગેસ બળતણ તરીકે ઉપયોગમાં લેતા હતા વિચાર આવે છે કે આપણી ખાડી છે તેમાં પણ સ્લેબ બનાવી નીચેથી ગેસ ખેંચી બોટલમાં ભરવામાં આવે તો હાલની રાધન ગેસની જે સમસ્યા ઊભી થઈ છે તે સમસ્યાનો હલ થઈ શકે છે ગેસ બનાવવાની ટેક્નિક વડાપ્રધાન શ્રી પાસેથી શીખી લેવી જરૂરી છે જેથી કરીને આપણે પણ ગટર માંથી ગેસ બનાવી ઉપયોગ કરી શકીયે

**સુરત - વિજય તુઈવાલા**

## યુદ્ધની ભયાનકતા

વિશ્વની મહાસત્તાઓ પહેલાં રશિયા- યુક્રેન, ઈઝરાયેલ- હમાસ અને હવે અમેરિકા ઈરાન ભયાનક યુદ્ધ લડી રહ્યાં છે. જ્યાં જુઓ ત્યાં વિનાશ દેખાઈ રહ્યો છે. સત્તાની ભૂખ, તેલના કૂવા પર કબજો મેળવવા માટે દુનિયાના બીજા દેશોને ભયાનક મુસીબતમાં મૂકી દીધા છે. જેનાથી દુનિયા ધબકે છે એ જીવન જરૂરિયાતની વસ્તુઓ જુદા જુદા પ્રકારનાં ઈંધણો વગેરેની ભયંકર અછત વર્તાય છે. જો યુદ્ધ વધારે સમય ચાલે તો વિશ્વમાં ભયંકર કટોકટી સર્જાશે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના પ્રમુખ પુટિન અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી મંત્રણા કરીને યુદ્ધ અટકાવે તો સારું, નહીં તો વિશ્વ 10 વર્ષ વિકાસમાં પાછળ ધકેલાઈ જશે. ભયંકર ભૂખમરો, ચોરી -લૂંટફાટ, બેકારી અને અરાજકતાવાદ વિશ્વમાં ફેલાઈ જશે. ભારત વિશ્વ ફલક પર શાંતિદૂત તરીકેની છાપ ધરાવે છે. આ યુદ્ધ માત્ર ભારત જ અટકાવી શકે એમ છે. ગાંધી અને બુદ્ધના દેશે સમગ્ર વિશ્વને શાંતિ ,એકતા અને ભાઈચારાની ભાવના સમજાવવી પડશે. આજે વિશ્વ બે ભાગોમાં વહેંચાયેલું છે, ઈસ્લામિક દેશો અને પશ્ચિમના વિકસિત દેશો. અહીંથી બદલાની ભાવના પેદા થાય તો વૈશ્વિક આતંકવાદ ધાર્મિક કટ્ટરતાના રંગે રંગાઈને બુદ્ધિશાળી યુવા ધન વિશ્વમાં હાહાકાર મચાવશે. વૈશ્વિક આતંકવાદનો અજગર ભરડો સમગ્ર દુનિયામાં અણુબોમ્બ, પરમાણુ બોમ્બ અને જૈવિક હથિયારો વડે વિનાશ સિવાય દુનિયાને કશું પણ નહીં આપે. યુદ્ધ લડતા સૈનિકની વેદનાને કોણ સાંભળે? માધવ રામાનુજની પંક્તિમાં કહું તો, એક ક્ષણ જો યુદ્ધને અટકાવી શકો તો, ટેન્ક પર માથું મૂકીને ઊંઘી લઉં. કેવો થાક્યો હશે બિચારો સૈનિક?

**બીલીમોરા - ગિરીશકુમાર એફ. ચૌધરી**